647510 **0701259E4081** **Seat No :________**

**B.R.S. Semester - 2 (*CBCS*) Examination**

**March/April - 2023 (OLD COURSE)**

**GUJARATI (ELECTIVE-8)**

**Time: 2:30 Hours** **Marks: 70**

**Instructions:**

1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

**પ્રશ્ન.૧ નીચેના ગદ્યખંડનું વિવરણ કરો.** (૧૪)

મારે મન ઇશ્વર એ એક સત્ય છે, દયા છે, નીતિ છે, અભય છે. આસ્તિકની આસ્તિકતા અને નાસ્તિકની નાસ્તિકતા પણ તે જ છે. વાણી અને બુધ્ધિથી તેને કદી પામી શકાતો નથી. તે અત્યંત ક્ષમાવાન છે, સાથે ભયંકર પણ છે. અમે તેને જોયો નથી, તેવા બચાવ ચલાવતો નથી. પણ, તે પશ્ચાતાપ કરવાની તક જરુર આપે છે. તેના જેવો સ્વતંત્રતાનો પક્ષપાતી પણ કોઇ નથી. કારણ કે, તે આપણને સત અને અસતના વિવેક વિશે પૂરી સ્વતંત્રતા હમેંશા આપે છે. તેના જેવો જુલ્મી પણ કોઇ નહિ હોય. કેમ કે, વારંવાર તે આપણું કર્યું-કરાવ્યું ધૂળ ભેગું કરી દે છે. આવા વ્યાપક સત્યનારાયનને પામવા ઇચ્છનાર મનુષ્ય જીવનના એક પણ ક્ષેત્રના સંઘર્ષથી ભાગી શકતો નથી. તેથી જ સત્યની મારી પૂજા મને ભારતના રાજકારણમાં ખેંચી ગઇ. ધર્મને રાજ્ય પ્રકરણ સાથે શો સંબંધ ? એમ કહેનાર ધર્મને જાણતો નથી એમ કહેવામાં હું અવિનય કરતો નથી. **– ગાંધીજી.**

**પ્રશ્ન.૨ નીચેના ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો.** (૧૪)

ધર્મને નામે જગતમાં જેટલા યુધ્ધો લડાઇઓ ઝઘડાઓ થયાં છે, તેટલાં અન્ય કશાયે નામે થયાં નથી. ધર્મ એટલે શું ? એ ભાગ્યે જ યથાર્થ અર્થમાં જગતને, જગતના સામાન્ય જનસમાજને સમજાયું હશે ! બાહ્યાચાર કોઇ ધર્મ નથી. સાંપ્રદાયિકતા પણ ધર્મ નથી. સંગઠિત થઇને સરખો વેશ ધારણ કરવો, કે સરખી ક્રિયા કરવી, તે પણ ધર્મ નથી. ધર્મ મનુષ્યને અગ્નિદાહ દેવામાં કે કબ્રસ્તાનમાં દાટવામાં જ ચરિતાર્થ થતો નથી. બાહ્ય પરંપરા સાથે ધર્મને કોઇ સંબંધ નથી. ધર્મ કોઇનો ધિક્કાર કરવાનું ક્યારેય શીખવતો નથી. ખરો ધર્મ હ્રદયધર્મ છે. માટે ધર્મ બહાર નથી, અંદર છે, ભીતર જ છે. સમજણનાં ઉંચેરા સ્તર સાથે સૌ કોઇનાં સ્વીકારમાં છે. ધર્મ એ આ રીતે આત્માનુભવનો વિષય છે.

**– દાદા ધર્માધિકારી.**

**પ્રશ્ન.3** નીચેનાં વિરામચિન્હ વિશે લખો. (૧૪)

વિરામચિન્હોનું મહત્વ સમજાવી, અને પ્રશ્નાર્થ, ઉદગાર અને પૂર્ણવિરામ વિશે સમજાવો.

**પ્રશ્ન.૪ નીચેનામાં (અ) અને (બ) વિભાગમાંથી માંગ્યા મુજબ જવાબ આપો.** (૧૪)

**અ) નીચેની કહેવતોનો અર્થ સમજાવી, અને તેનો વાક્યમાં પ્રયોગ કરો.**

(1) વાવો તેવું લણો. (2) પાકે ઘડે કાંઠા ના ચડે.

(3) જીભને હાડકું ના હોય. (4) આપ મૂઆ વિના સ્વર્ગે ના જવાય.

(5)પારકી મા જ કાન વિંધે. (6) બોલે એનાં બોર વહેંચાય. (7) ખોદ્યો ડુંગર નીકળ્યો ઉંદર.

**(બ) નીચેની રુઢિપ્રયોગનો અર્થ સમજાવી, તેનો વાક્યમાં પ્રયોગ કરો.**

(1) અક્કલ ગિરવે મૂકવી. (2) અંધારામાં રાખવું.

(3) આંખ બતાવવી. (4) ઉતારી પાડવું.

(5) કુવામાં ઉતારવું. (6) ચોટલી હાથમાં હોવી. (7) પાણી ગ્રહણ કરવું.

**પ્રશ્ન.૫ નીચેના કોઇપણ બે સમાસનો સોદાહરણ અને વિસ્તારથી પરિચય કરાવો.** (૧૪)

(અ) તત્પુરુષ સમાસ (બ) દ્વન્દ્ર સમાસ (ક) કર્મધારક સમાસ

*****************************